


# 15 ઓગસ્ટ - સ્વતંત્રતા દિવસ



તારીખ :- 15/08/2026

વાર :- શનિવાર

❖ **પ્રસ્તાવના :-**

૧૫ ઓગસ્ટ એટલે ભારતનો રાષ્ટ્રીય તહેવાર અને ગૌરવપૂર્ણ દિન .૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયો હતો.આથી આ દિવસને સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આપણી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડામાં આ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી હતી.

❖ **પ્રવૃતિનો હેતુ:-**

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો અને તેમને આઝાદીના મહત્વ વિશે સમજાવવાનો છે . આ ઉપરાંત વિદ્યાર્થીઓને આપણા રાષ્ટ્રના ઈતિહાસ અને સંસ્કૃતિથી પરિચિત કરવાનો અને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરવાનો છે .

❖ **પ્રવૃતિની વિગત:-**

કિસાન માધ્યમિક વિદ્યાલયમાં 80 માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ શિક્ષકો તથા બિન-શૈક્ષણિક સ્ટાફગણ પણ હાજર રહ્યો હતો.આ કાર્યક્રમમાં ડૉ રાજ શાહ (Ananta skin Clinic , lunawada) ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને તેમણે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વતંત્રતા દિવસનું મહત્વ સમજાવ્યુ હતું અને દેશને આઝાદી અપાવનાર સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનની યાદ અપાવી હતી.આ ઉપરાંત શાળાના આચાર્યશ્રીએ પણ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના જાગૃત થાય અને તેઓને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો ફાળો આપવા માટે પ્રેરિત કર્યા હતા.અંતમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતોનું ગાન કર્યું હતું અને તેને અનુરૂપ નૃત્ય પણ રજુ કર્યું હતું તેમજ સ્વતંત્ર પર્વને અનુરૂપ સ્પીચ રજુ કરી હતી .

❖ ઉપસંહાર :-

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ થઈ અને તેઓ દેશ માટે કંઈક કરવાની પ્રેરણા મેળવી. આ કાર્યક્રમ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહકારથી સફળ રહ્યો.

- ➢ પ્રવૃતિ શિક્ષકશ્રીનું નામ:- સુજીતસિંહ જે.પરમાર અને અંગીતાબેન એફ .વસાવા
- ➢ પ્રવૃતિના ફોટોગ્રાફ :-















Rank in
ઓમકાર મૌલિક વિદ્યાલય
જય હિંદ....!
વંદે માતરમ્...!

